

# થોમસ એડિસન


સૈડલબક / ગુજરાતી અનુવાદ : હેમંત સોલંકી





# થોમસ એડિસન


સૈડલબક / ગુજરાતી અનુવાદ : હેમંત સોલંકી




થોમસ એડિસનને લોકો મેન્લો પાર્કના જાદુગર તરીકે સંબોધતા. તેણે અંધકારને પ્રકાશમાં બદલી દીધો,વાતચીત કરી શકનાર ઉપકરણો બનાવ્યા,અને ચિત્રોને જીવંત કર્યા. વીજળી અને પોતાના અથાગ પરિશ્રમથી તે આ ચમત્કાર કરી શક્યો.



ટોમ એડિસનનો પરિવાર કોઈ સામાન્ય પરિવાર જેવો ન હતો.
૧૮૩૭માં, તેના પિતાએ કેનેડાની સરકાર વિરુદ્ધ બળવો કર્યો.
મને વિશ્વાસઘાતી જાહેર કરાયો છે. રાજાના સૈનિકો મને શોધતા ફરી રહ્યાં છે !
સૈમ, હવે તમે શું કરશો ?
હું ખુબ ઝડપથી બોર્ડર તરફ ભાગી છૂટીશ !
તે બે દિવસ ભાગતો જ રહ્યો. રાજાના સૈનિકો અને તેમના પાલતુ કુતરાઓ તેની ભાળ મેળવવા તેની પાછળ પડયા.
પછી તેણે બરફથી થીજેલા તળાવ ઉપર સ્કેટિન્ગ કરી અમેરિકા સુરક્ષિત રીતે પહોંચી ગયો.



તે મિલાન, ઑહિયોમાં જઈ વસ્યો. પછીથી તેનો પરિવાર ત્યાં આવી ગયો.
આ ઘર કેટલું સુંદર છે !
મેં લાકડાની વખાર (ગોદામ) ખોલી છે. ધંધો સારો છે !
થૉમસ અલ્વા એડિસન ત્યાં ૧૧ ફેબ્રુઆરી ૧૮૪૭ ના દિવસે જન્મ્યો.
તમારી પત્નીની તબિયત સારી છે. આ રહ્યો તમારો નવજાત દિકરો !
ભગવાનનો આભાર ! અમે ત્રણ બાળકો ગુમાવી ચુક્યા છીએ. નૈંસી ની ઇચ્છા હતી કે તે માતા બને.
આનું માથુ ઘણું મોટુ છે !
આ તમારો ભ્રમ છે ! તે તદ્દન સામાન્ય છે ! લાવો તેને મને આપો!
ટૉમની મા એ તેને હમેશા સાથ આપ્યો.
કેટલોક સમય વીત્યા પછી તેનો પરિવાર પોર્ટ હુરોન, મિશિગનમાં સ્થાયી થયો.
ટૉમ, હવે તુ આઠ વર્ષનો થયો. હવેથી તુ શાળામાં જવાનું શરુ કર.
મને શાળાએ જવું સારુ લાગશે.


તે શાળાએ ગયો. ત્રણ મહિના પછી એક સવારે તે ભાગતો ઘરે પરત ફર્યો.
હું તે શાળામાં ક્યારેય નહિ જઈશ ! શિક્ષકે કહ્યું કે હું બેવકૂફ છું અને જીવનમાં કંઈ પણ નહિ શીખી શકીશ.
શિક્ષકે આમ શા કારણે કહ્યું ?
હું શાળાના વર્ગમાં ઘણા પ્રશ્નો પૂછુ છું - આમ કેમ ? કેવી રીતે ? મને ગોખણપટ્ટી લગીરે પસંદ નથી.
ટૉમની મા શાળામાં શિક્ષકને મળવા ગઈ.
હું પોતે શિક્ષક રહી ચુકી છું. ટૉમ હોશિયાર છે. જો તમે એને ભણાવી નથી શકતા, તો તેનો અર્થ તમારી ભણાવવાની રીત ખોટી છે.
પણ શ્રીમતી એડિસન.....
તે પછી ટૉમ ક્યારેય શાળામાં નહિ ગયો. તેની મા રોજ તેને ઘરમાંજ ભણાવવા લાગી.
આજે આપણે વિલિયમ શેક્સપિયરનું નાટક મર્ચેન્ટ ઑફ વેનિસ વાંચીશુ.
મા, મર્ચેન્ટ શું કરે છે ? વેનિસ ક્યાં આવ્યું ?
શાબાશ ! જ્યાંરે કઈંક સમજમાં ના આવે તો 'આમ કેમ ?' પૂછ્યા કર. તે કઈંક નવુ શીખવાની સૌથી સારી રીત છે.



આ લે આ નવું પુસ્તક. શું તુ એનુ મથાળુ વાંચી શકે છે ?
પછી એક દિવસ...
D-I-C-T-I-O-N-A-R-Y ડીક્ષનરી ઓફ સાઈન્સ !
આ નવું પુસ્તક તેને ખુબ જ પસંદ આવ્યુ.
મને વિજ્ઞાન પસંદ છે. હું પોતાની પ્રયોગશાળા શરુ કરીશ. હું પદાર્થોને એકબીજા સાથે મેળવીને અવલોકીશ કે શું થાય છે.
તે તો રસાયણશાસ્ત્રનું વિજ્ઞાન કહેવાય.
તેણે પોતાના ઘરના ભંડકિયાના એક ખૂણામાં પ્રયોગશાળા શરુ કરી. તેણે જૂની બોટલો એકત્રિત કરી. તેણે જરુરી વસ્તુઓ ખરીદવા માટે પૈસા બચાવ્યા.
આ $H_2O$ - એટલેકે પાણી છે ! આ ગંધક છે. અને શનિવારે હું થર્મોમીટર બનાવવા માટે પારો ખરીદી લાવીશ.
ટેલિગ્રાફ એક નવી શોધ છે, જેનાથી સંદેશાની આપ લે શક્ય છે. આ પુસ્તકમાં તેને બનાવવાની રીત આપી છે.
આપણે તારા ઘરથી મારા ઘર સુધી સંદેશા મોકલી શકીશુ !



તેના માટે બહુ લાંબો તાર જોઈશે.
આપણે જૂની બોટલોનો ઉપયોગ ઈન્સ્યુલેટર તરીકે કરીએ ?
હા! અને ટેલિગ્રાફ સેટ માટે વિદ્યુત-ચુંબક અને બેટરી નો ઉપયોગ કરીશુ !
રસ્તો ઓળંગવા આપણે આ ગરનાળાના નીચેથી તાર નાખીશું.
બન્ને છોકરાઓ મોર્સ કોડ શીખ્યા.
તે પછી તેઓ પોતાના ઘરોમાંથી એક બીજાને સંદેશાઓ મોકલવા લાગ્યા.


બહુ જલ્દી એક બહુ જ મોટા સમાચાર આવ્યા.
ગ્રેન્ડ-ટ્રન્ક રેલવે બની ચુકી છે. હવે તુ પોર્ટ હુરોનથી સીધો ડેટ્રાઇટ જઈ શકે છે.
કદાચ મને ત્યાં કોઈ નોકરી મળી જશે !
રેલવે પ્રશાસન ઇચ્છતું હતુ કે કોઈ છોકરો ટ્રેનમાં વર્તમાન પત્રો, કેન્ડી અને સેન્ડવીચ વેંચે. ટૉમને તે નોકરી મળી ગઈ.
સવારે ૭ વાગે તે ટ્રેનમાં ચડતો.
હેલો ટૉમ.
હેલો, મિસ્ટર સ્ટીવેન્સન.
ટૉમ દરેક ડબ્બામાં જઈને પોતાનો સામાન વેંચતો.
આ લો સેન્ડવીચ, કેન્ડી અને વર્તમાન પત્રો પણ ! આ લો શ્રીમાન !
તે પછી...
અહીં તો બહુ ફાજલ જગ્યા છે. શું હું અહીં પોતાની પ્રયોગશાળા શરુ કરી શકું ?
કેમ નહીં ! શરુ કરો !
પછી ટૉમ એ પોતાની પ્રયોગશાળા ટ્રેનમાં ખસેડી.
અહીં મને પ્રયોગો કરવા ફાજલ સમય મળી રહેશે !


તે પછી ટૉમ એ હાથ દ્વારા સંચાલિત થતું પ્રિન્ટિંગ પ્રેસ ખરીદ્યું.
હું સ્થાનિક સમાચારો ધરાવતું વર્તમાન પત્ર છાપીશ. તેનુ નામ હશે દ ગ્રેન્ડ ટ્રંક હેરાલ્ડ.
બહુ જલ્દી તે ૮ સેન્ટના હિસાબે આ વર્તમાનપત્રની ૪૦૦ નકલો વેંચવા લાગ્યો.
દરરોજ ટ્રેન, ડેટ્રોઇટ સ્ટેશન પર ૧૦.30am થી ૪.30pm સુધી થોભતી. તે સમયમાં ટૉમ, ડેટ્રોઇટ શહેરના પુસ્તકાલયમાં જતો.
A અને Z ની વચ્ચે ૧૫ ફૂટ ઊંચાઈ સુધી પુસ્તકો છે. હું દર અઠવાડિયે ૧ ફૂટ સુધીના પુસ્તકો વાંચી કાઢીશ.
એક દિવસ જ્યારે ટૉમ તેની પ્રયોગશાળામાં કામ કરી રહ્યોં હતો, ત્યારે ટ્રેન અચાનક ઝટકો ખાઈને થોભી ગઈ.
હે ભગવાન ! ફોસ્ફરસ !
ફોસ્ફરસ સળગી ઉઠયો !
ઓહ, હવે શું કરુ ? પાણી !!



કન્ડકટર દોડીને ત્યાં પહોંચ્યો.
મને માફ કરો !
મેં તને પરવાનગી આપીને ભૂલ કરી. હવેથી આ ટ્રેન પ્રયોગશાળા બંધ !!
ટૉમની નોકરી તો બચી ગઈ, પણ તેને ટ્રેનની પ્રયોગશાળા બંધ કરવી પડી.
પછી એક દિવસ...
લાવ જયાં સુધી ડબ્બાઓની અદલ-બદલ થાય, ત્યાં સુધી હું અહીં લટાર મારી લઉં.
MOUNT CLEMENS
ઓહ ! નહી !
ત્યાંરેજ, ગબડતા ડબ્બાની નીચે એક બાળક કચડાવાની અણી પર હતુ !
ગભરાઈશ નહી ! હવે તુ હેમ ખેમ છે !
ટૉમ એ દોડીને તે બાળકને બચાવી લીધું


તેને બચાવવાના પ્રયાસમાં ટૉમ પોતે પડી ગયો.
ટૉમ ! તુ ઠીક છે ? શું થયુ ?
મિ.મેકકેન્જી હું અને જીમી સલામત છીએ.
ટૉમ, તે જીમીને નવું જીવન બક્ષ્યું ! હું તારુ આ ઋણ કઈ રીતે ઉતારીશ ?
નહીં, મારે પૈસા નથી જોઈતા.
શું તુ ટેલિગ્રાફી શીખવા ઇચ્છુક છો ? મને તને શીખવાડતા આનંદ થશે.
ટેલિગ્રાફી શીખીને મને ખુબજ આનંદ થશે !
અઠવાડિયાની ચાર રાત્રિઓ ટૉમ, મેકકેન્જી સાથે કામ કરતો. તેનાથી ટૉમના જીવનમાં ખુબજ પરિવર્તન આવ્યું.
ટૉમ, પાંચ જ મહીનામાં તે બધુજ શીખી લીધું. હવે તને ક્યાંય પણ નોકરી મળી રહેશે.
તે પછી ઘણા વર્ષો સુધી ટૉમ, ટેલિગ્રાફ ઑપરેટરનું કામ કરતો રહ્યો. નોકરીઓ બદલતો તે આખાએ દેશમાં ફરી શક્યો



ટૉમ જયાં પણ જતો, તે પોતાના વિદ્યુત ઉપકરણો સાથે લઈને જતો. પછી તે ત્યાં પણ પ્રયોગો શરુ કરી દેતો.
ટૉમ, તુ પોતાના માટે કેટલાક નવા કપડા કેમ ખરીદી નથી લેતો ?
કપડા ખરીદવાથી શું ફાયદો ? હું આ કમાણીથી પુસ્તકો અને પ્રયોગશાળા માટે જરુરી સામાન ખરીદીશ !
એક રાત્રે ટૉમ કામ પરથી ઘરે પરત ફરી રહ્યો હતો.
થોભો ! નહી તો ગોળીથી વીંધી નાખીશ !
ટૉમના કાનની પાસેથી એક ગોળી ઝડપથી પસાર થઈ ગઈ.
થોભીજા ચોર ! દેખાડ આ પૅકેટમાં શું છે ?
પણ આમાં તો ફક્ત મારા પુસ્તકો છે !
ટૉમ એ પૅકેટ ઉઘાડીને દેખાડયુ.
હું બરાડ્યો તો તુ થોભ્યો કેમ નહી ? મારુ નિશાન જો ના ચુકત તો તુ મૃત્યુ પામત !
હું બહેરો છુ ! બાળપણથી જ મને આંશિક સંભળાય છે.


મારી ભૂલ થઈ, ક્ષમા કરજો.
કોઈ વાંધો નહી. બહેરા હોવાના ફાયદા પણ છે. મને બેકારની વાતો સાંભળવી નથી પડતી. હું મારુ ધ્યાન, મારા કામ ઉપર કેન્દ્રિત કરી શકુ છું !
૧૮૬૯માં ટૉમ, ન્યુયોર્ક ગયો.
અહીં ટેલિગ્રાફ વપરાય છે. હું અહીં નોકરી માટે પ્રયાસ કરીશ.
GOLD INDICATOR COMPANY
અંદર પહોંચતા ટૉમને ત્યાં કોઈક સમસ્યા થયેલી જણાઈ।
આ મશીન ખોટકાઈ ગયું છે ! હવે આપણે શું કરીશું ?
મને ખબર નથી તેને શું થયુ છે !
મને એની અંદરની ખામીની ખબર પડી ગઈ છે.
તેને ઠીક કરી દે ! જલ્દીથી ! ફટાફટ !
બે કલાકમાં ટૉમ એ ટેલિગ્રાફ મશીનનું સમારકામ કરી આપ્યું.
યુવાન તે તો કમાલ કરી દીધી ! તુ અમારી સાથે કામ કર !




ટૉમને ઊંચો પગાર ધરાવતી એક બહુ સારી નોકરી મળી રહી. પણ તે ત્યાં ફક્ત બે મહિનાજ ટક્યો.
ક્ષમા કરો, પણ મારી પાસે ઘણા આઈડીયાઝ છે. તે દ્વારા હું મારા સંશોધનો ઉપર કામ કરવા માંગુ છુ.
તેણે સૌ પહેલા “સ્ટૉક-ટિકર”ની એક સુધારેલ આવૃત્તિ બનાવી.
હું તેને ગોલ્ડ એન્ડ સ્ટૉક ટેલિગ્રાફ કમ્પનીને દેખાડીશ. હું ૫૦૦૦ ડૉલર માંગીશ. પણ ૩૦૦૦ ડૉલર પણ મને ચાલશે.
તેણે કમ્પનીના અધિકારીઓ સામે પોતાના આ સંશોધનનું નિદર્શન કર્યું.
નવયુવાન, આની શું કિંમત લઈશ ?
તમેજ પોતાની ઑફર આપો.
શું ૪૦,૦૦૦ ડૉલર ચાલશે ?
૪૦,૦૦૦ ડૉલર..! ચાલશે ! તમારો આભાર !!
ટૉમ એ નવા “સ્ટૉક-ટિકર” બનાવવાના કરાર કર્યા. નેવાર્ક,ન્યુજર્સીમાં એક મહિનાની અંદર તેણે નવો વર્કશોપ, મશીનો તેમજ પ્રયોગશાળા લગાવવામાં આ ૪૦,૦૦૦ ડૉલર વાપર્યા.


તેને ફેક્ટરી માટે કામદારો જોઈતા હતા.
મિસ્ટર એડિસન, અમને કેટલા કલાક કામ કરવું પડશે ?
કલાકો ? જ્યાં સુધી કામ પૂરૂં નથી થતું ત્યાં સુધી !
પરંતુ ટૉમ પણ તેના માણસો સાથે લાગ લગાટ કામ કરતો રહેતો. તે ફેક્ટરીમાં સૌથી વધારે મહેનત કરતો.તેના કર્મચારીઓમાંથી ઘણા ખરા તે પછી પ્રખ્યાત ઇલેક્ટ્રિકલ એન્જીનિયર બન્યા.
એક વરસાદી રાત્રે ટૉમ ઈમારતમાંથી બહાર આવ્યો.
શું અમે વરસાદથી બચવા અંદર આવી શકીએ ?
કોઈ વાંધો નહી ! તમે અંદર આવો !
હું ટૉમ એડિસન છુ. આ મારી ફેક્ટરી છે.
હું એલિસ સ્ટિલવેલ છુ. આ મારી નાની બહેન મેરી છે.
હું કેટલીક યુવા સ્ત્રીઓને કામ પર રાખવા માંગુ છુ. શું તમે અહીં કામ કરવાનું પસંદ કરશો ?
હા, હું નોકરી શોધી રહી છુ.



મેરી, ટૉમની ફેક્ટરીમાં કામ કરવા લાગી. ટૉમ હંમેશા તેને નિહાળ્યા કરતો.
મિસ્ટર એડિસન, તમે આ રીતે મને નિહાળો છો તો હું મૂંઝવણ અનુભવું છું અને કામ કરી શકતી નથી.
શું તમે મને પસંદ કરો છો ? શું તમે મારી સાથે લગ્ન કરશો ? મારા પ્રસ્તાવ પર વિચારજો. તમારી માતાને પણ પૂછી લો. આવતા અઠવાડિયે મને જણાવજો.
આગલા અઠવાડિયે મેરીએ ટૉમને તેના ઘરે આવવાનું આમંત્રણ આપ્યુ. ૧૮૭૧માં, ક્રિસમસના દિવસે બન્નેના લગ્ન થયા.
શું મિસ્ટર થૉમસ આલ્વા એડિસન તમે મિસ મેરી સ્ટિલવેલનો પત્ની તરીકે સ્વીકાર કરો છો ?
જી હાં !
લગ્નના ભોજન સમારંભ પછી ટૉમ મેરીને તેના નેવાર્કમાં ખરીદેલ નવા ઘરમાં લઈ ગયો.
એક અગત્યનું કામ યાદ આવી ગયું , મને થોડા સમય માટે ફેક્ટરી જવુ પડશે.
પણ ટૉમ....



તે રાત્રે....
ટૉમ, તુ અહીં શું કરી રહ્યો છે ?
કેમ ? કેટલો ટાઈમ થયો ?
મધરાત થઈ ચુકી છે !
મને લાગે છે, મારે હવે ઘરે જવુ જોઈએ. આજે જ મારા લગ્ન થયા છે.
ટૉમ એ ટેલિગ્રાફ તેમજ ટેલિફોનની સુધારેલ આવૃતિઓ શોધી. તેના દ્વારા તે ઘણા પૈસા કમાયો. પણ તે સાથેજ તેને કેટલાક કાનૂની ખટલાઓનો પણ સામનો કરવો પડયો.
હું સારો ઉત્પાદક નથી , તેમજ મને આ કામ પસંદ પણ નથી. હું ફેક્ટરી વેંચી દઈને, નવી વસ્તુઓના સંશોધનમાં મારુ ધ્યાન પરોવવા માંગુ છુ.
જેવી તમારી ઈચ્છા, ટૉમ.
તે પછી ટૉમ ન્યૂજર્સી સ્થિત મેન્લો પાર્ક ખાતે રહેવા ચાલી ગયો.
પહેલા માળે ઓફિસ અને પુસ્તકાલય છે. બીજા માળે મોટી પ્રયોગશાળા બનાવી છે. અને નજીકમાંજ મેં આપણા રહેવા માટે એક ફાર્મહાઉસ ખરીદ્યુ છે.


એક દિવસ ટૉમ એ તેના સાથી સાથે ચર્ચા કરી.
જૉન, શું તું આ બનાવી શકીશ ?
હાં, આની રચના તો બહુ સરળ દેખાય છે. પણ આ છે શું ?
વાતો કરી શકતી મશીન.
હા! હા! હા! શું તમે મશ્કરી કરી રહ્યાં છો ?
તે પછી જૉન જોઈતું મૉડલ બનાવી લાવ્યો.
મેરી હેડ અ લિટલ લેમ્બ, ઇટ્સ ફ્લીસ વોઝ વાહ્યત એઝ સ્નો...
બોસ શું ઘેલા થઈ ગયા છે ?
પછી ટૉમે કેટલાક બટન્સ દબાવ્યા અને પાછળ હટીને ઊભો રહી ગયો.
મેરી હેડ અ લિટલ લેમ્બ, ઇટ્સ ફ્લીસ વોઝ વાહ્યત એઝ સ્નો...
મશીન વાતો કરે છે !
ફોનોગ્રાફ તદ્દન નવો વિચાર હતો. કોઈએ પણ તેના વિષે આ પહેલા નહોતુ વિચાર્યું.


રાતો-રાત ટૉમ એડિસન પ્રખ્યાત થઈ ગયો.
રેલવેને મેન્લો પાર્ક જતી ભીડો માટે ખાસ ટ્રેનો દોડાવવી પડી.
તે વાત કરી શકતી મશીન ક્યાં છે ? ટૉમ એડિસનની પ્રયોગશાળા કંઈ તરફ છે ?
મેન્લો પાર્ક આ તરફ છે.
201



થોડા સમય પછી વોશીન્ગટનથી ટેલિગ્રામ આવ્યો.
તેઓ ઈચ્છે છે કે હું ફોનોગ્રાફને વોશીન્ગટન લઈ જાઉ અને તેને પ્રેસિડેન્ટ હાયેસ, તેમની પત્ની તેમજ કોંગ્રેસના સદસ્યોને દેખાડુ.
ટૉમ, મને તમારા પર ગર્વ છે !



એડિસન દંપતીને એક ચાર વર્ષની દિકરી હતી. જ્યારે ટૉમે તેની દિકરીને હળવેકથી ચૂંટી ખણકી તો મેરી ખુબજ ગુસ્સે થઈ.
ટૉમ, તમે મરીઓનને કેમ ચૂંટી ખણકી ?
કારણકે, હું એક બાળકના રડવાનો અવાજ રેકોર્ડ કરવા માંગતો હતો, અને તે રડતી ન હતી !




તે સમયમાં ફક્ત આર્ક-લાઈટ જ ઉપલબ્ધ હતી.
આર્ક-લાઈટ ખુબજ આંખોને આંજી દેનાર, ગરમ અને મોંઘી હતી.
તે સમયગાળામાં શહેરના રસ્તાઓની બત્તીઓ ગેસ લાઈટથી પ્રકાશિત થતી. ત્યારે ઘરોમાં કેરોસીન અને મીણબત્તીનો ઉપયોગ પ્રકાશ મેળવવા થતો.
આનો ઘરમાં ઉપયોગ નથી કરી શકાતો.
ગેસથી પ્રકાશ તો સારો મળે છે પણ તેમાંથી દુર્ગંન્ધ આવતી રહે છે.
હું ઘરમાં ઉપયોગમાં લઈ શકાય એવા વીજળીના બલ્બનો આવિષ્કાર કરીશ અને તેને ચલાવવા વરાળની શક્તિથી વિજળી ઉત્પન્ન કરીશ.
ઘણા લોકો આવો આવિષ્કાર અસંભવ માનતા હતા.
પેલો પાગલ ટૉમ વિજળીના બલ્બનો આવિષ્કાર કરશે ! હા ! હા ! હા !
ટૉમ ના કેટલાક સાથીઓ પણ હિમ્મત હારી ચૂક્યા હતા.
મેં ૩૦૦૦ સિદ્ધાંતોનો ઉપયોગ કરી બે વર્ષ મહેનત કરી છે. તો પણ આ બલ્બ ફક્ત પાંચ કલાકમાં ફ્યૂઝ થઈ જાય છે !



પછી આવી ઓક્ટોબર ૧૮૭૯ની તે રાત....
વેક્યુમ બલ્બમાં કાર્બોનાઈઝડ્ ના દોરાથી બનાવેલ તાર લગાવ્યો.
દસ કલાક વીતી ચુક્યા છે, અને બલ્બ હજુ પ્રકાશિત છે.
તે રાત્રે કોઈ ઘરે ન ગયા.
તે બલ્બ પૂરો 45 કલાક પ્રકાશ પાથરતો રહ્યો.
જો તે ૪૫ કલાક પ્રકાશિત રહી શકે છે, તો હું તેને ૧૦૦ કલાક પણ પ્રકાશિત કરી શકીશ ! અને આ બલ્બને ૪૦ સેંટ પ્રતિ પીસ જેવા સસ્તા ભાવે બજારમાં વેચી શકીશ !
ડિસેમ્બરમાં તેણે પોતાના બલ્બ વિષેની જાહેરાત ન્યૂયોર્ક-હેરાલ્ડ વર્તમાનપત્રમાં કરી.
NEW YORK HERALD
EDISON'S LIGHT. THE GREAT INVENTOR'S TRIUMPH. IT MAKES LIGHT WITHOUT GAS OR FLAME.
વાહિયાત ! અશક્ય છે આ !
તેણે પોતાના બલ્બનું પ્રદર્શન આમ જનતા સમક્ષ કરવા બધાને નવા વર્ષની સાંજે આમંત્રિત કર્યા. વિજળીના બલ્બને નિહાળવા માટે મેન્લો પાર્ક વિસ્તારમાં ૩૦૦૦ થી વધારે લોકો એકઠા થયા.
આ તો કોઈ ચમત્કાર કે જાદુ સમાન છે !
એડિસન એક પ્રતિભાસંપન્ન (જીનિયસ) વ્યક્તિ છે.



મારા બલ્બથી કોઈને પણ ત્યાં સુધી કોઈ ફાયદો નહી પહોંચે જયાં સુધી તેમના ઘરમાં વિજળી નથી પહોંચતી.
ઘરે ઘરે વીજળી પહોંચાડવા માટે બધું શૂન્યથી સર્જન કરવું પડશે. પાવર સિસ્ટમ, કેબલ, સ્વિચ, ફ્યુઝ અને હજુ ઘણું બધુંય જે તેના માટે જરુરી હોય !
તે પછી ટૉમ ન્યૂયોર્ક પહોંચ્યો અને ત્યાં ફિફ્થ એવેન્યુ એરિયામાં એક મોટુ ઘર ભાડા ઉપર લીધું.
લોકોએ હજુ સુધી કોઈ ઘરને વીજળીના બલ્બથી પ્રકાશમાન થતું નથી જોયું ! બહુ જલ્દી તેઓ તે જોઈ શકશે.
પછીથી આ જ જગ્યા કોન્સોલિડેટેડ એડિસન કંપનીનું જન્મસ્થળ બન્યુ.
એડિસન દંપતીને હવે બે દિકરાઓ પણ હતા. ટૉમ પોતાના પરિવારને પોતાના ન્યૂયોર્કના ઘરે લઈ આવ્યો.
ટૉમ, અમે તમને જવલ્લેજ જોવા પામીએ છીએ !
થોડા સમય માટે તમે મને હજુ ઓછો ઘરે આવતો જોશો. હું નવી ફેક્ટરીઓ તેમજ પાવર પ્લાંટ સ્થાપવામાં, અન્ડરગ્રાઉન્ડ કેબલ્સ બિછાવવામાં અને તે બધાના ડિઝાઈનમાં ખુબજ વ્યસ્ત છુ.
એડિસને વીજળીનું નિર્માણ તેમજ તેના વિતરણ વિષયક ૩૬૦ પેટન્ટની નોંધણી કરાવી.



તેણે પોતાના સાથીઓ સાથે મળીને એક વિશાળ ડાયનેમોનું નિર્માણ કર્યું.
તેણે મજૂરો સાથે કામ કરી અન્ડરગ્રાઉન્ડ કેબલો બિછાવ્યા..
અંતે બધુંય કામ પૂરું થયુ. ૪ સપ્ટેમ્બર ૧૮૮૨ ની રાત્રે એડિસનનો સંકેત મળતાજ મેઈન સ્વિચ દબાવવામાં આવી.
ઇતિહાસમાં પહેલી વાર આપણે એક આખા શહેરને વીજળીના બલ્બોથી પ્રકાશિત થયેલ જોઈ રહ્યાં છીએ !
તે પ્રોજેક્ટ સફળ રહ્યો, અને તે પછી ટોમ બીજા કામોમાં લાગી ગયો. તેણે મેન્લો પાર્કમાં વિદ્યુત રેલવે માટેની સિસ્ટમ વિકસીત કરી.
શહેરોને હવે આની જરૂરીયાત છે. ઘોડા ગાડીનો યુગ વીતી ગયો.



એડિસનનો પરિવાર ગરમીઓમાં હજુ પણ મેન્લો પાર્ક જતો. દૂર્ભાગ્યવશ ત્યાં ૧૮૮૪માં મેરી ટાયફોઈડના તાવમાં પટકાઈ.
જણાવતા દુઃખ થાય છે કે તે ગુજરી ગઈ.
ઓહ ! નહી !
ટોમનો મેન્લો પાર્ક પ્રત્યેનો પ્રેમ, હવે ધિક્કારમાં પલટાઈ ગયો. તે મેન્લો પાર્ક ખાતેની પોતાની પર્યોગશાળાને ખંડેર જેવી હાલતમાં મૂકી ન્યૂયોર્ક પરત ફર્યો.
પહેલા ટૉમ કદી પાર્ટીઓમાં ના જતો. પણ તેના એકલવાયાપણાને લીધે તે તૈયાર થઈને પાર્ટીઓમાં મહાલવા લાગ્યો.
આ પિયાનો વાદક કોણ છે ?
મિસ મીના મિલર. તેના પિતા ઓહિઓમાં કારખાનું ધરાવે છે.
ટૉમ ફરીથી પ્રેમમાં પડ્યો. ૪ ફેબ્રુઆરી ૧૮૮૬માં બન્ને એક્રોન ખાતે મિલર હોમમાં પરણ્યા.


તે પછી ટૉમ એ વેસ્ટ ઓરેન્જ, ન્યૂ-જર્સીમાં એક નવી પ્રયોગશાળા શરુ કરી. તેણે નજીકમાંજ પોતાના પરિવાર માટે એક ઘર ખરીદ્યું.
હું આ ઇલેક્ટ્રિક કાર માટે કાર્યક્ષમ બેટરીનું નિર્માણ કરીશ.
૧૮૮૯માં...
ફ્રેન્ચ સરકારે મને પેરિસ ઇન્ટરનેશનલ પ્રદર્શનમાં આવવા આમંત્રિત કર્યો છે.
ચાલો ટૉમ જઈએ. આપણે મરીઓનને પણ આપણી સાથે લઈ જશુ.
રજાઓ લેવાનો આ સારો સમય છે. મેં મારી મોટા ભાગની કમ્પનીઓ અને ફેકટરીઓ હેનરી વીલ્લીયર્ડ તેમજ બીજા મિત્રોને વેચી દીધી છે.
આ વેંચાણ પછી એડિસન જનરલ ઇલેક્ટ્રિક કમ્પનીની સ્થાપના થઈ. જે આજે જનરલ ઇલેક્ટ્રિકના નામે પ્રસિદ્ધ છે.
યુરોપના બધાજ દેશોએ એડિસનનું સન્માન કર્યું. ફ્રાંસ તેમજ બીજા દેશોને તેણે એક જ જવાબ આપ્યો.
મિસ્ટર એડિસન અમે તમને ફ્રાંસના સર્વોચ્છ પદકથી સન્માનિત કરીએ છીએ.
આભાર, આ સન્માન મારુ નહી, પણ અમેરીકાનું છે.


ટૉમ ઘરે નવા નવા વિચારો ઉપર કામ કરતો. તે પોતાના પરિવારને પોતાના અવનવા મોડેલ્સ દેખાડતો.
ડેડી, આ હાલતા ચાલતા ચિત્રો તો અદભુત છે !
આ તમારી સર્વોત્તમ શોધ છે !


૨૧ ઓક્ટોબર ૧૯૨૯માં વીજળીના બલ્બની શોધને ૫૦ વર્ષ પૂરા થયા, ટૉમ એડિસન ત્યારે ૮૨ વર્ષનાં હતા.
ત્યારે બહુ મોટી ઉજવણી કરવામાં આવી.
દુનિયામાં જ્યાંરે ક્યાંય કોઈપણ વીજળીનો બલ્બ ચાલુ કરશે ત્યાંરે થૉમસ આલ્વા એડિસનની પ્રતિભાનો આભાર માનશે.
જેને લોકો પ્રતિભા કહે છે તે અથાગ પરિશ્રમનું પરીણામ છે.
ટૉમ એડિસને ક્યારેય કામ કરવાનું બંધ ન કર્યુ. ૧૯૩૧માં, એક ટૂંકી માંદગી પછી તેમનું અવસાન થયુ. પોતાના જીવન કાળમાં એડિસને ૧૦૯૩ પેટન્ટો પોતાના નામે નોંધાવી. જે કોઈ એક વ્યક્તિએ અત્યાર સુધી નોંધાવેલ સૌથી મોટી સંખ્યા છે.
સમાપ્ત